વિકલાંગો માટે ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૩૧/૦૧/૨૦૧૯.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨.૦૫.૨૦૧૮નો ઠરાવ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૨૧/૦૫/૨૦૧૮નો પત્ર નં. અપગ/વિક.ઇલે.સ્કુટર/૧૮-૧૯/૨૨૦.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૨/૦૭/૨૦૧૮નો પત્ર નં. અપગ/વિક.ઇલે.સ્કુટર/૧૮-૧૯/૨૭૩.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૩૧/૧૨/૨૦૧૮નો પત્ર નં. અપગ/વિ.ક.ઇલે.સ્કુટર/૧૮-૧૯/૫૯૩.

આમુખ :-

વિકલાંગોને ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના અંગે વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં મંજુર રહેલ નવી બાબતની રૂ.૧૨૫.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી વંચાણે લીધેલા ક્રમાંક: (૧) પરના ઠરાવથી આપવામાં આવેલ છે.

પ્રસ્તુત યોજનામાં સહાયના ધોરણો અને ચુકવણીની પધ્ધતિનો સમાવેશ કરી વિગતવાર ઠરાવ કરવા બાબતે વંચાણે લીધેલા ક્રમાંક: (૨) થી (૪) પરના પત્રોથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ દરખાસ્તો સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આવક ક્રમાંક ૨૨૫
તારીખ : 31 JAN 2019
શાખા :

૨

ઠરાવઃ

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૨) થી (૪) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તોના અનુસંધાને વિકલાંગોને ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના બાબતે નીચે મુજબના સહાયના ધોરણો તથા ચુકવણીની પધ્ધતિનો સમાવેશ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

સહાયના ધોરણો-

(૧) વિકલાંગની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ સુધીની હોવી જરુરી છે.

(૨) વિકલાંગતાની ટકાવારી ૪૦ ટકા કે તેથી વધુ તથા લાભાર્થીનું નામ બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ નો સ્કોર ધરાવતા હોવા જોઇએ. S.E.C.C. - ૨૦૧૧ (સામાજીક, આર્થિક જાતિ આધારિત વસ્તી ગણતરી-૨૦૧૧) અન્વયે વંચિતતા ધરાવતા તથા યાદીમાં સમાવિષ્ટ વિકલાંગોને ખાસ અગ્રતા આપવાની રહેશે.

(3) આ યોજનામાં ફકત અસ્થિ વિષયક વિકલાંગ સ્ત્રી અને પુરૂષ બન્નેને લાભ મળવાપાત્ર થશે.

(૪) અસ્થિવિષયક વિકલાંગ ધરાવતા વિકલાંગ પાસે આર.ટી.ઓ. માન્ય લાયસન્સ હોવુ જરુરી છે.

(૫) જે અસ્થિ વિષયક વિકલાંગ લાભાર્થીએ અગાઉ સાધન સહાય યોજનાનો લાભ મેળવેલ હશે તે વ્યકિતને સાધન સહાયની યોજનામાં લાભ મળ્યા બાદ પાંચ વર્ષ પુરા થયા પછી ઇલેકટ્રીક સ્કુટર યોજના નો લાભ મળવાપાત્ર થશે.

(૬) ઇલેકટ્રીક સ્કુટર ખરીદવાની સહાય યોજનામાં લાભાર્થી ધ્વારા તેઓએ મેળવેલ ઇલેકટ્રીક સ્કુટર જો કંડમ થઇ ગયેલ હોય તો પાંચ વર્ષ બાદ જો અન્ય રીતે યોજનાનો લાભ મેળવવા પાત્ર ઠરતા હશે તો યોજનાનો લાભ પુનઃ મેળવવા અરજી કરી શકશે.

(૭) આ યોજનાનો લાભ ફકત લોકોમોટર ડીસએબીલીટી, વિકલાંગતા અને ૪૦ ટકા વિકલાંગ પ્રમાણપત્ર ધરાવતા લાભાર્થીને જ લાભ મળવાપાત્ર થશે.

(૮) આ યોજનામાં લાભ મેળવેલ વિકલાંગ વ્યકિતને ત્યારબાદ વિકલાંગ સાધન સહાયની યોજનાનો લાભ મળવા પાત્ર થશે નહી.

(૯) વિકલાંગ વ્યક્તિ સમાજ સુરક્ષા ખાતાનો વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતો હોવો જોઇએ.

ચુકવણીની પધ્ધતિ:-

(અ) વિકલાંગોને સ્કુટર ખરીદવાની યોજના હેઠળ ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવા બાબતે અરજદારની અરજી મંજુર થયા બાદ ઇલેક્ટ્રીક સ્કુટર ખરીદે ત્યાર બાદ બીલ રજુ કર્યા બાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી દ્વારા સહાયની રકમ ડી.બી.ટી. મારફત અરજદારના ખાતામાં સીધી ચુકવણી કરવાની રહેશે,

(બ) ભારત સરકાર જે તે ડીલરોને સબસીડી ચુકવતા, સબસીડી ડીલરના ખાતામાં જમા થશે. જે તે કંપની દ્વારા સબસીડીની રકમ કપાત કરી, બીલની રકમ ચૂકવવામાં આવશે. અરજદાર ઇલેક્ટ્રીક સ્કુટર ખરીદે ત્યાર બાદ બીલ રજુ કર્યા બાદ સહાય મંજુર કરી, સહાયની ચુકવણી કરવાની રહેશે.

(ક) વિકલાંગોને ઇલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના હેઠળ સ્કુટરની બેઝીક કિંમત + ડીસેબલ કીટના ૫૦ ટકા અથવા રૂ.૨૫,૦૦૦/-ની મર્યાદામાં સહાય ચુકવવાની રહેશે. અરજદારની અરજી મંજુર થયેથી અરજદારે પોતાનાં ફંડમાથી ખરીદી કરવાની રહેશે અને ખરીદી અંગેનું બીલ રજૂ થયેથી જિલ્લા સમાજ સુરક્ષા કચેરીએ ચૂકવવા પાત્ર સહાયની રકમ ડી.બી.ટી.થી અરજદારના ખાતામાં જમા કરાવવાની રહેશે.

- વિકલાંગોને ઇલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના હેઠળ લાભાર્થીની અરજી મંજુર/નામંજુર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને આપવામાં આવે છે.
- ક્લાયમેન્ટ ચેન્જ વિભાગની શાળા-કોલેજના વિદ્યાર્થીઓની ઈલેક્ટ્રીક સ્કુટર યોજનાના ધોરણે તમામ વાહનોનું ઈન્સ્પેક્શન/વેરીફીકેશન કરવાનું રહેશે તથા વોરંટીનો સમય ૨૪ માસ રાખવાનો રહેશે.

ઉક્ત તા.૦૨.૦૫.૨૦૧૮ના સરખા ક્રમાંકના ઠરાવની બાકીની તમામ શરતો/વિગતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૯/૦૧/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. કે. પાંડર )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.